RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 270* Date: 27.07.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**સરકારને બે વર્ષ પૂરા થવાના અવસરે જ યેદિયુરપ્પાનો મોટો ધડાકો**

# કર-નાટકઃ સસ્પેન્સનો અંત, યેદિયુરપ્પાનું CM પદેથી રાજીનામું

**હું હંમેશા અગ્નિપરીક્ષામાંથી પસાર થયો છું, કોઇના દબાણમાં રાજીનામું નથી આપ્યું, મને તક આપવા બદલ મોદી-નડ્ડા-શાહનો આભાર, હું મુખ્યમંત્રી પદે રહું કે ન રહું પરંતુ ભાજપ માટે આવનારા ૧૦ થી ૧૫ વર્ષ સુધી કામ કરશો રહીશઃ યેદિયુરપ્પા**



*બેંગ્લુરૂ,તા.૨૬*

છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોની વચ્ચે કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ સોમવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. યેદિયુરપ્પાએ રાજભવન પહોંચીને રાજ્યપાલને પોતાનું રાજીનામું સોંપી દીધું છે. યેદિયુરપ્પાએ પોતાના રાજીનામાની જાણકારી તેમની સરકારને ૨૬ જાન્યુઆરીએ બે વર્ષ પૂરા થવાના આયોજિત કાર્યક્રમમાં આપી છે. રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે કોઈ દલિતને મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે.

રાજીનામું આપ્યા બાદ યેદિયુરપ્પાએ કહ્યું કે, રાજીનામા માટે તેમની પર કોઈએ દબાણ કર્યું નથી. મેં પોતે રાજીનામું આપ્યું છે. મેં કોઈના નામની ભલામણ નથી કરી. પાર્ટીને મજૂબત કરવા માટે કામ કરતો રહીશ. કર્ણાટકની જનતાની સેવા કરવાની તક આપવા બદલ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનો આભાર માન્યો છે.

રાજીનામાની જાહેરાત કરતાં યેદિયુરપ્પાએ કહ્યું કે, કર્ણાટકના લોકો માટે ઘણું કામ કરવાનું છે. આપણે બધાએ મહેનત સાથે કામ કરવું જોઈએ. યેદિયુરપ્પાએ કહ્યું કે, તેઓ હંમેશા અગ્નિપરીક્ષામાંથી પસાર થયા છે.

યેદિયુરપ્પાએ જૂના દિવસો યાદ કરતાં ભાવુક અંદાજમાં કહ્યું કે, જ્યારે અટલ બિહારી વાજપેયી વડાપ્રધાન હતા, તો તેમણે મને કેન્દ્રમાં મંત્રી બનવા કહ્યું હતું. પરંતુ મેં કર્ણાટકમાં રહેવાનું પસંદ કર્યું. ઉલ્લેખનીય છે કે, યેદિયુરપ્પાએ રવિવારે જ સંકેત આપ્યા હતા કે તેઓ મુખ્યમંત્રી પદ છોડશે. તેમણે કહ્યું હતું કે, રવિવાર અથવા પછી સોમવાર સુધી તે નિર્ણય થઇ જશે.

સૂત્રોના જણાવ્યા મુજબ, કર્ણાટકના નવા મુખ્યમંત્રીની રેસમાં પ્રહલાદ જોશી, બીએલ સંતોષ, લક્ષ્મણ સવદી, મુર્ગેશ નિરાણી, વસવરાજ એતનાલ, અશ્વત નારાયણ, ડીવી સદાનંદ ગૌડા, બસવરાજ બોમ્મઈ, વિશ્વેશ્વરા હેગડે વગેરે નામ સામેલ છે.

મહત્વપૂર્ણ છે કે ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણી બાદ રાજ્યમાં કોંગ્રેસ-જેડીએસની સરકાર બની હતી પરંતુ આ સરકાર એક વર્ષ જ ચાલી શકી હતી અને બાદમાં ભાજપે યેદિયુરપ્પાની આગેવાનીમાં પોતાની સરકાર બનાવી લીધી હતી.

યેદિયુરપ્પા પહેલીવાર વર્ષ ૨૦૦૭માં મુખ્યમંત્રી બન્યા હતા. ત્યારે તેઓ ફક્ત એક અઠવાડિયા સુધી ખુરશી પર રહી શક્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૦૮થી ૨૦૧૧ સુધી રાજ્યના મુખ્યમંત્રી રહ્યા, પરંતુ ભ્રષ્ટાચારના આરોપોમાં રાજીનામું આપવું પડ્યું. ૨૦૧૮માં રાજ્યમાં ચૂંટણી બાદ તેઓ ફક્ત ૨ દિવસ માટે મુખ્યમંત્રી બન્યા અને બહુમત સાબિત ના કરી શક્યા. ત્યારબાદ કૉંગ્રેસ અને જેડીએસના ૧૩ ધારાસભ્યો સાથે આવવાથી તેઓ ફરી મુખ્યંત્રી બન્યા. માનવામાં આવી રહ્યું હતું કે, તેઓ રાજ્યમાં વર્ષ ૨૦૨૩ સુધી આગામી ચૂંટણી સુધી મુખ્યમંત્રી રહેશે, પરંતુ આવું ના થઈ શક્યું.

આ પાછળ અનેક કારણોને જવાબદાર માનવામાં આવે છે. શરૂઆતથી જ પાર્ટીમાં વિરોધ હતો. પાર્ટીના સીનિયર નેતા તેમનો શરૂઆતથી વિરોધ કરી રહ્યા હતા. તેમનું કહેવું હતું કે યેદિયુરપ્પા તેમને નજરઅંદાજ કરે છે. નવા લોકોને વધારે પ્રાધાન્ય આપે છે. ઉલ્લેખનીય છે કે જ્યારે રાજ્યમાં પાર્ટીના નેતા યેદિયુરપ્પાને લઈને અસંતુષ્ટી શરૂ થઈ અને પોતાની ફરિયાદો લઈને હાઈકમાન્ડથી મળવા લાગ્યા તો પાર્ટીએ છેલ્લા એક વર્ષમાં તેમના પર દબાવ વધારી દીધો. આવામાં લાગી રહ્યું હતું કે તેમણે જવું જ પડશે. આ પહેલાં યેદિયુરપ્પા ૧૬ જુલાઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા દિલ્હી પહોંચ્યા હતા. અચાનક થયેલી આ મુલાકાતના પગલે યેદિયુરપ્પાના રાજીનામાની ચર્ચાએ જોર પકડ્યું હતું. એ પછી તેમણે ભાજપના અધ્યક્ષ જે. પી. નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી.

**સરકાર ખેડૂતોનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છેઃ રાહુલ ગાંધી**

## કૃષિ કાયદાઓના વિરોધમાં રાહુલ ગાંધી ટ્રેક્ટર ચલાવી સંસદ પહોંચ્યા




**સંસદમાં કૃષિ કાયદાઓ ઉપર ચર્ચા નથી કરવા દેવામાં આવતી, કેન્દ્ર સરકારે કાયદા પરત લેવા પડશે**

ન્યુ દિલ્હી,તા.૨૬

કૉંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સોમવારના સવારે-સવારે દિલ્હીના રસ્તાઓ પર ટ્રેક્ટર ચલાવતા જોવા મળ્યા. કૃષિ કાયદાઓની વિરુદ્ધ કૉંગ્રેસ પાર્ટીનું પ્રદર્શન ચાલી રહ્યું છે અને આ ક્રમમાં સોમવારના રાહુલ ગાંધી ટ્રેક્ટર ચલાવીને સંસદ ભવન પહોંચ્યા. રાહુલ ગાંધીની સાથે રણદીપ સુરજેવાલા, દીપેન્દ્ર હુડ્ડા સહિત અનેક કૉંગ્રેસી નેતા પણ જોવા મળ્યા. ટ્રેક્ટર પર કૃષિ કાયદાની વિરુદ્ધમાં પોસ્ટર જોવા મળ્યા હતા અને ખેડૂતોને સમર્થનની વાત કહેવામાં આવી.

રાહુલ ગાંધીએ કહ્યું કે, આ ખેડૂતોનો અવાજ છે, ખેડૂતોની વાત સાંભળવામાં નથી આવી રહી. સરકારે આ ત્રણેય કૃષિ કાયદાઓ પાછા લેવા પડશે. આ કાળા કાયદા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ખેડૂતો પર ખોટા આરોપ લગાવવામાં આવી રહ્યા છે. તેમને આતંકવાદી કહેવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કૃષિ કાયદાની વિરુદ્ધ ખેડૂતો દ્વારા દિલ્હીના જંતર-મંતર પર કિસાન સંસદ લગાવવામાં આવી રહી છે. ૨૦૦ ખેડૂતો દરરોજ જંતર-મંતર પર સંસદ કરશે, જે સંસદના ચોમાસુ સત્ર સુધી ચાલું રહેશે.

છેલ્લા લગભગ એક વર્ષથી ખેડૂતોનું વિરોધ પ્રદર્શન દિલ્હીની ટિકરી, સિંઘુ અને ગાઝીપુર બોર્ડર પર ચાલું છે. ખેડૂતોની માંગ છે કે ત્રણેય કૃષિ કાયદા પાછા લેવામાં આવે, પરંતુ સરકારનું કહેવું છે કે કાયદા પાછા લેવામાં નહીં આવે. જો કોઈ બદલાવ કરવો હોય તો સરકાર વાતચીત માટે તૈયાર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, ખેડૂતોનો જે સંદેશ છે એ અમે સંસદ સુધી લાવ્યા છીએ. ખેડૂતોને દબાવવામાં આવી રહ્યા છે, આ કારણે અમે ટ્રેક્ટરથી આવ્યા છીએ. તેમણે કહ્યું કે, સંસદમાં આ વિષય પર ચર્ચા કરવા દેવામાં નથી આવી રહી.

બીજી તરફ ત્રણ કૃષિ કાયદાને પાછા લેવાની માંગને લઈને અકાલી દળના સાંસદોએ આજે સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું. અકાલી દળ સાંસદ હરસિમરત કૌર બાદલે કહ્યું કે, સરકાર માંગ માનવાની જગ્યાએ અન્નદાતાઓને ગાળો આપી રહી છે.

**સાજા થનારા દર્દીઓની સંખ્યા ઘટતા એક્ટિવ કેસમાં વધારો થયો**

## દેશમાં ૩૯,૩૬૧ નવા કોરોનાના કેસ, ૪૧૬ દર્દીઓના મોત

*ન્યુ દિલ્હી,તા.૨૬*

દેશભરમાં દિવસેને દિવસે કોરોના વાયરસનાં કેસો વધી રહ્યા છે અને આ મહામારીનાં મૃત્યુઆંકમાં વધારો થતો જ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ નાં ૩૯,૩૬૧ નવા કેસોની પુષ્ટિ થઈ અને ૪૧૬ લોકોનાં મોત નીપજ્યાં છે.

કોરોના વાયરસથી રિકવર થયેલા દર્દીઓની સંખ્યામાં ઘટાડો થવાને કારણે, એક્ટિવ કેસ ફરી એકવાર વધવા લાગ્યા છે. સોમવારે માહિતી જાહેર કરતા કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે કહ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસનાં ૩૯,૩૬૧ નવા કેસ મળી આવ્યા છે, જ્યારે ૩૫,૯૬૮ દર્દીઓ ઠીક થયા છે. વળી, આ સમયગાળા દરમ્યાન કોરોના સંક્રમણનાં કારણે ૪૧૬ દર્દીઓ પણ મૃત્યુ પામ્યા છે. આ નવા આંકડા પછી, દેશમાં કોરોના વાયરસનાં એક્ટિવ કેસો વધીને ૪,૧૧,૧૮૯ અને કોરોના વાયરસનાં રિકવર દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૫,૭૯,૧૦૬ થઈ ગઈ છે. આપને જણાવી દઈએ કે, રવિવારે દેશનાં દક્ષિણ ભાગમાં આવેલા કેરળ રાજ્યમાં કોરોના વાયરસનાં ૧૭ હજારથી વધુ કેસ નોંધાયા હતા. વળી આરોગ્ય મંત્રાલયનાં ડેટામાં એ પણ બહાર આવ્યું છે કે એપ્રિલ ૨૦૨૦ થી, ભારતમાં કોરોના વાયરસથી લગભગ અડધા મૃત્યુ આ વર્ષે એપ્રિલ અને મે મહિનાનાં માત્ર બે મહિનામાં થયા છે. નોંધપાત્ર વાત એ છે કે દેશમાં કોરોના વાયરસની ત્રીજી લહેરનાં ભય વચ્ચે રસીકરણ અભિયાન પણ ઝડપથી ગતિએ ચાલી રહ્યું છે અને અત્યાર સુધીમાં રસીનાં કુલ ૪૩,૫૧,૯૬,૦૦૧ ડોઝ આપવામાં આવ્યા છે. રવિવારે આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં રસીનાં લગભગ ૪૫૩ મિલિયન ડોઝનું વિતરણ કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વમાં કોરોના વાયરસ મહામારીનો કહેર હજુ ખતમ થયો નથી, કોવિડ-૧૯ નાં કેસો વધીને ૧૯.૪ કરોડ થઈ ગયા છે. આ મહામારીનાં કારણે કુલ ૪૧.૫ લાખ લોકોનાં મોત થયાં છે અને ૩૮૪ કરોડ લોકોને કોરોના રસી આપવામાં આવી છે.

## દિલ્હીની જેમ લખનૌના તમામ રસ્તાઓ ખેડૂતો દ્વારા સીલ કરાશેઃ ટિકૈત

ન્યુ દિલ્હી,તા.૨૬

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાની વિરૂધ્ધ ખેડુતોનું આંદોલન સતત ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં સોમવારે લખનૌમાં સયુક્ત કિસાન મોરચાએ કેન્દ્ર સરકાર સામે આરપારની લડાઈ લડવાની ઘોષણા કરી છે.

ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે હવે લખનૌને પણ દિલ્હીની જેમ બનાવવામાં આવશે. જે રીતે દિલ્હીમાં બધા રસ્તા સીલ કરવામાં આવ્યા છે, તેવી જ રીતે અહીંના તમામ રસ્તાઓ ખેડૂતો દ્વારા સીલ કરવામાં આવશે. અમે તેની તૈયારી કરીશું.

લખનઉના પ્રેસ ક્લબમાં સંયુક્ત કિસાન મોરચામાં ખેડૂત આગેવાનો રાકેશ ટિકૈત, યોગેન્દ્ર યાદવ સહીત ઘણા ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન મિશન ઉત્તર પ્રદેશ અંતર્ગત સંયુક્ત કિસાન મોરચા સરકાર અને તેની નીતિઓ વિરુદ્ધ મોરચો ખોલવાની વાત કરવામાં આવી છે.

રાકેશ ટિકૈતે કહ્યું કે યુપી હંમેશા આંદોલનનું રાજ્ય રહ્યું છે. મૂંગના ખેડૂતોએ ૩૦૦૦ રૂપિયા સસ્તામાં પાક વેચ્યો. બટાટાના ખેડૂતો બરબાદ થઈ ગયા. શેરડીના ખેડુતોની ૧૨ હજાર કરોડની ચુકવણી બાકી છે. પાછલી સરકારોમાં આંદોલન થયા પછી દર વધતો રહ્યો પરંતુ આ સરકારે કંઈપણ વધાર્યું નહીં. યુપીમાં ખેડૂતોને સૌથી મોંઘી વીજળી મળે છે.

ટિકૈતે કહ્યું કે ૫ સપ્ટેમ્બરે મુઝફ્ફરનગરમાં મોટી પંચાયત યોજીને આંદોલન શરૂ કરશે. ૮ મહિનાના આંદોલન બાદ સયુક્ત મોરચાએ નિર્ણય લીધો છે કે યુપી અને ઉત્તરાખંડની સાથે અમે આખા દેશમાં આંદોલન શરૂ કરવામાં આવશે.

રાકેશ ટિકૈતે કહ્યું કે જ્યાં સુધી ત્રણેય કાયદા પાછા નહીં ખેંચાય ત્યાં સુધી ખેડૂત આંદોલન પાછુ નહીં ખેચાય. લખનૌને પણ દિલ્હી બનાવવામાં આવશે. લખનૌની આજુબાજુના રસ્તાઓ પણ તે જ હાલતમાં હશે જે દિ લ્હી મા ં બન્યું છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ ૩૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૭૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૪૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૩૫૬**

## મોદી સરકાર લોકસભાની બેઠકો ૧૦૦૦ કરવાની ફિરાકમાંઃ મનિષ તિવારીનો દાવો

*ન્યુ દિલ્હી,તા.૨૬*

લોકસભાની આગામી ચૂંટણીમાં બેઠકોની સંખ્યા વધારીને ૧૦૦૦ કરવા માટે સરકાર વિચારી રહી છે તેવો દાવો કોંગ્રેસના સિનિયર નેતા મનિષ તિવારીએ કર્યો છે. જેના પગલે એક નવી ચર્ચા છેડાય તેવી શક્યતા છે.

કોંગ્રેસના નેતા મનિષ તિવારીએ કહ્યુ હતુ કે, મોદી સરકાર લોકસભામાં સંસદ સંખ્યોની સંખ્યા વધારવા માંગે છે અને તે ૧૦૦૦ પર પહોંચી શકે છે. તેના પર સાર્વજનિક ચર્ચા કરવાની જરૂર છે. કોંગ્રેસ સાંસદના દાવાથી એક નવી ચર્ચા શરૂ થઈ છે. કોંગ્રેસ સાંસદે કહ્યુ હતુ કે, મને ખબર નથી કે સાચુ શું છે અને ખોટુ શું છે પણ મિત્રોએ મને કહ્યુ છે કે, ૨૦૨૪ પહેલા લોકસભાની સંખ્યા વધારીને ૧૦૦૦ કરવા માટેના પ્રસ્તાવ પર વિચારણા થઈ રહી છે.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, આ જાણકારી મને ભાજપના સાંસદો તરફથી જ મળી છે. તેમની વાતનુ પાર્ટીના સાંસદ કાર્તિ ચિદમ્બરમે પણ સમર્થન કર્યુ છે. કાર્તિએ કહ્યુ હતુ કે, આ નિર્ણય પહેલા જાહેર ચર્ચા કરવી જરૂરી છે. મોટો દેશ હોવાના નાતે વધારે સાંસદોની જરૂર છે પણ જો જનસંખ્યાના આધારે બેઠકો વધારવામાં આવી તો દક્ષિણ ભારતના રાજયોનુ પ્રતિનિધિત્વ ઘટી જશે.

આ પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પણ દેશમાં વસતીને ધ્યાનમાં રાખીને સંસદમાં બેઠકોની સંખ્યા વધારવાની જરૂર છે તેમ કહ્યુ હતુ.

ઉપરાષ્ટ્રપતિ વૈકેયા નાયડુના ભાષણોના સંકલનનુ વિમોચન કરતી વખતે પ્રણવ મુખરજીએ આ વાત કહી હતી અને કહ્યુ હતુ કે, વસતીની સામે લોકોને તે પ્રમાણે સંસદમાં પુરતુ પ્રતિનિધિત્વ મળવુ જોઈએ.

## તંત્રી સ્થાનેથી...

# પ્રેગ્નેટ મહિલાઓ માટે વેક્સિન કેટલી સલામત.....?

*વિશ્વભરમાં કોરોના રસી આપવા માટેનું અભિયાન ચાલી રહ્યા છે ત્યારે વિશ્વના દેશો કોરોનાની રસી પ્રેગનેટ મહિલાઓને આપવા તૈયાર ન હતા કારણ નિષ્ણાતોએ અને વૈજ્ઞાનિકોએ આ બાબતે જરૂરી સંશોધન કર્યું ન હતું. બીજી તરફ યુનિસેફના અહેવાલમાં ૨૦૨૧ માં વિશ્વભરમા ૧૪ કરોડ બાળકો જન્મ લેશે તે પૈકી ભારતમાં લગભગ ૪ કરોડ બાળકો હશે. દરમિયાન વર્ષ ૨૦૨૧ ના માર્ચ મહિનામાં પબમેડ ના અભ્યાસ રિપોર્ટના આધારે એવો દાવો કરેલ કે પ્રેગ્નેન્સી દરમિયાન મહિલાઓને કોરોનાની અસર થાય તો તે પ્રિમેચ્યોર જન્મ થવાનો ખતરો વધવા સાથે અન્ય ગંભીર પરેશાની પણ વધી શકે છે., ત્યારે નેશનલ નિયોનેરોલોજી ફોરમનુ સંશોધન કહે છે કે કોરોના સંક્રમિત પ્રેગ્નેટ મહિલાઓને અનેક પ્રકારની ગંભીર અસરો થઈ શકે છે.... જેમાં બાળક સમય પહેલા જન્મ થવાથી લઈને ૨૮ દિવસ દરમિયાન મોત થઈ શકે છે. દરમિયાન ભારત સહિત વિશ્વના નિષ્ણાતો અને વૈજ્ઞાનિકોએ પ્રેગ્નેટ મહિલાઓને કોરોના રસી આપવા બાબતે સંશોધન હાથ ધરી દીધું હતું અને સારા પરિણામો સામે આવ્યા.બીજી તરફ ભારત સરકારે નેશનલ ટેકનિકલ એડવાઇઝરી ગ્રુપ ઓન ઇન્યુનાઇજેશન એ ત્રીજી લહેરના સંભવિત ખતરાને લઈને પ્રેગનેટ મહિલાઓ ને કોરોના વેક્સિન સંશોધન પછી વેક્સિન લગાવવાની સલાહ મળ્યા બાદ ૨ જુલાઈ મહિનામા દેશના તમામ રાજ્યોને મહિલાઓને વેક્સિન આપવા માર્ગદર્શીકા જાહેર કરી. દેશમાં બાળકોને છોડીને ફક્ત પ્રેગનેટ મહિલાઓને રસી આપવા અંગે કોઇ સ્પષ્ટતા ન હતી. અને કોરોનાની ત્રીજી લહેરના સંભવિત ખતરાને જોઈને દ્રછૈં ની સલાહ- નિર્દેશ અનુસાર દેશ ભરમા મહિલાઓને રસી આપવામાં આવી રહેલ છે. નોંધનીય બાબત એ છે કે ભારતમાં રસીકરણ શરૂ કરવામાં આવ્યું ત્યારે સરકાર પાસે પ્રેગ્નેટ મહિલાઓને રસી આપવાની કોઈ વિગતો હતી નહીં અને હવે સંશોધન બાદ રસી આપવામાં આવી રહી છે.....!*

*વિશ્વના ૨૮ દેશોએ પ્રેગનેન્ટ મહિલાઓને રસી આપવા માટે મંજૂરી આપી છે જ્યારે કે ૧૦૦ જેવા દેશોએ કેટલીક શરતોને આધિન રસી આપવામાં આવી રહી છે. કોરોના કાળમાં એવું પણ સામે આવેલ કે કોરોના સંક્રમિત પ્રેગનેટ મહિલાઓમાં કોરોનાના કોઈ લક્ષણ જોવા મળ્યા ન હતા પરંતુ મા અને બાળકના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડી રહી છે. તે સાથે પ્રેગ્નન્સી દરમિયાન મહિલાઓ હોસ્પિટલ અને ડોક્ટરના સંપર્કમાં વધુ આવે એટલે તેઓને કોરોના થવાનો ખતરો વધી જાય. જ્યારે રસી લેનાર પ્રેગનેટ મહિલાઓને કોરોનાનો ખતરો ઓછો છે તથા મૃત બાળક જન્મવાનો તેમજ સમય પહેલા બાળક જન્મવાનું રિસ્ક ઓછું થઈ જાય છે. તેમ જોન હોપડિન્સના વેક્સિન નિષ્ણાતોનું કહેવું છે. તે સાથે તેઓએ જણાવ્યું છે કે અમેરિકામાં ૧.૩૦ લાખ પ્રેગનેટ મહિલાઓને વેક્સિન લગાવવામાં આવી છે ત્યાં કોઇપણ મહિલાને કોઈપણ આડઅસર નથી થઈ એ જ રીતે સ્કોટલેન્ડ, યુકે, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈઝરાયલ સહિત કેટલાય દેશોમાં પ્રેગનેન્ટ મહિલાઓને વેક્સિન આપવામાં આવી રહી છે. પ્રેગ્નેટ મહિલાઓને વેક્સિન બાબતે કેટલાય દેશોએ સંશોધનો કરેલ છે. જેમાં કોઈ આડઅસર પ્રેગનેટ મહિલાઓને થઈ નથી એવું જોવામાં આવ્યું છે. દેશમાં ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ વેલ્લોરના પ્રોફેસર અને વેક્સિન વૈજ્ઞાનિક ડોક્ટરના કહેવા અનુસાર દેશમાં અત્યાર સુધીમાં આપવામાં આવેલ રસીના આધારે કહી શકાય કે પ્રેગનેટ મહિલાઓ માટે વેક્સિન તદ્દન સુરક્ષિત છે......!*

### બંન્ને રાજ્યોના મુખ્યમંત્રીએ અમિત શાહને હસ્તક્ષેપ કરવા માંગ કરી

# અસમ-મિઝોરમ સરહદ પર હિંસા ભડકીઃ ફાયરિંગ અને પથ્થરમારા બાદ પરિસ્થિતિ તંગ

*આઈઝોલ/હૈલાકાન્ડી,તા.૨૬*

અસમ-મિઝોરમ સરહદ પર સોમવારે હિંસા ભડકી છે. સરહદ પર ઘર્ષણ અને વાહનો પર હુમલો થવાના સમાચાર છે. બંને રાજ્યોના મુખ્યમંત્રીઓએ આ મુદ્દે ટ્વીટ કરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં લોકો લાકડીઓ લઈને જોવા મળી રહ્યાં છે. હાલના તણાવે દાયકાઓથી ચાલી રહેલા વિવાદને હવા આપી છે. તેને લઈને રાજકારણ ગરમાયું છે.

મિઝોરમના મુખ્યમંત્રી ઝોરામથાંગાએ મામલામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તક્ષેપની માંગ કરી છે. તેમણે ટ્વીટ કરી કહ્યુ કે, તેને તત્કાલ રોકવું જોઈએ. એક અન્ય ટ્વીટમાં તેમણે લખ્યું- ચાહરના રસ્તે મિઝોરમ આવતા નિર્દોશ દંપત્તિ પર ગુંડાએ હુમલો કર્યો અને તેની ગાડીમાં તોડફોડ કરી છે. આખરે આ પ્રકારની હિંસક ઘટનાઓને તમે કઈ રીતે ન્યાયયોગ્ય ઠેરવશો.

તો અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમાએ ટ્વીટ કરી મિઝોરમના મુખ્યમંત્રીને ફરિયાદ કરી આ મામલામાં દખલની અપીલ કરી છે. તેમણે કહ્યું- આદરણીય ઝોરાથાંગાજી... કોલાસિબ (મિઝોરમ) એસપીએ અમને અમારી પોસ્ટથી ત્યાં સુધી હટવાનું કહ્યું છે જ્યાં સુધી તેના નાગરિક વાત નથી સાંભળતા અને હિંસા નથી રોકાતી. તમે જણાવો આવી પરિસ્થિતિમાં આપણે કઈ રીતે સરકાર ચલાવી શકીએ. મને આશા છે કે તમે જલદી આ મામલામાં દખલ દેશો.

અસમના મુખ્યમંત્રી સરમાને ટ્વીટ કરીને ઝોરામથાંગાએ જવાબ આપ્યો અને અસમ પોલીસ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે લખ્યું- પ્રિય હિમંતાજી માનનીય અમિત શાહજી તરફથી મુખ્યમંત્રીઓની શાંતિપૂર્ણ બેઠક બાદ આશ્ચર્યજનક રૂપથી અસમ પોલીસની બે કંપનીઓએ નાગરિકો પર લાઠીચાર્જ કર્યો. એટલું જ નહીં અસમ પોલીસે નાગરિકો પર ટીયર ગેસના સેલ છોડ્યા. તેમણે મિઝોરમની સરહદમાં સીઆરપીએફ કર્મીઓ અને મિઝોરમ પોલીસ પર પણ હુમલો કર્યો. આમ તો બંને પાડોશી રાજ્યો વચ્ચે સરહદ વિવાદ જૂનો છે. બંને રાજ્યોએ સરહદ વિવાદને કતમ કરવા માટે વર્ષ ૧૯૯૫ બાદથી ઘણી વાર્તાઓ કરી પરંતુ તેનો કોઈ ફાયદો થયો નથી. મિઝોરમના ત્રણ જિલ્લા આઈઝોલ, કોલાસિબ અને મમિત અને અસમના ત્રણ જિલ્લા કછાર, કરીમગંજ અને હૈલાકાન્ડી એકબીજા સાથે જોડાયેલા છે. રાજ્યોના આ જિલ્લા એકબીજા સાથે લગભગ ૧૬૪.૬ કિલોમીટરની લાંબી સરહદ શેર કરે છે. હાલનો વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે અમિત શાહે પૂર્વોત્તરનો પ્રવાસ કર્યો હતો.

### સુખવીરસિંહ બાદલનું નિવેદન

# ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં ભાજપને ટક્કર આપવા નવો રાષ્ટ્રીય મોરચો રચવો જોઈએ



ચંડીગઢ,તા.૨૬

શિરોમણિ અકાલી દળના પ્રમુખ સુખવીરસિંહ બાદલે જણાવ્યું હતું કે પ્રાદેશિક પક્ષોએ ૨૦૨૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ (ભાજપ)નો સામનો કરવા માટે નવો રાષ્ટ્રીય મોરચો રચવો જોઈએ.

તેમણે શિરોમણિ અકાલી દળ અને ભારતીય જનતા પક્ષ વચ્ચેના જોડાણનો અંત આવ્યો હોવાની સ્પષ્ટતા કરી હતી.

પેગાસસ સ્પાઈવૅરનો દુરુપયોગ કરીને રાજકારણીઓ, ઍક્ટિવિસ્ટ્સ અને પત્રકારોની કરાતી જાસૂસીના સંબંધમાં પુછાયેલા સવાલના જવાબમાં સુખવીરસિંહ બાદલે જણાવ્યું હતું કે આ પ્રકરણ લોકશાહી પરનો હુમલો ગણાય અને તેની તપાસ માટે વિપક્ષના સાંસદના નેતૃત્વ હેઠળની સંયુક્ત સંસદીય સમિતિ રચવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે આ આખું જાસૂસી પ્રકરણ દેશના બંધારણ, લોકશાહી અને જનતાના અધિકાર પરનો હુમલો છે. આ પ્રવૃત્તિ સિદ્ધાંતની વિરુદ્ધ ગણાય અને તેની તપાસ વિપક્ષના સાંસદના નેતૃત્વ હેઠળની સંયુક્ત સંસદીય સમિતિને સોંપવી જોઈએ. શિરોમણિ અકાલી દળના પ્રમુખે જણાવ્યું હતું કે અમારો પક્ષ ખેડૂતોનું હિત ઈચ્છનારો પક્ષ છે. ખેડૂતોની સમસ્યા અમારા માટે મહત્ત્વની છે. અમે કોઈ પણ ભોગે નવા ત્રણ કૃષિ કાયદાનો પંજાબમાં અમલ થવા નહિ દઈએ.

# ગોવા સરકારે કર્ફ્યૂની અવધિ ૨ ઓગસ્ટ સુધી વધારી

પણજી,તા.૨૬

સમગ્ર દેશ માં કોરોનાની આ બીજી લહેર ઘાતકી બની હતી જેમાં લાખો લોકો ના મોત થયા હતા . ત્યારે સરકાર દ્વારા કોરોના કેસ પર નિયંત્રણ લાવવા સમગ્ર દેશ માં રાજ્યવાર લોકડાઉન લગાવી દેવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગોવા સરકારે રાજ્યમાં કોરોના કર્ફ્યુ ૨ ઓગસ્ટ સુધી વધાર્યું છે. મહત્વનું છે કે ૯ મી મેના રોજ રાજ્યમાં પહેલી વાર કર્ફ્યુ લાગવવામાં આવ્યું હતું. વધતા જતા કેસોને લીધે કર્ફ્યુની સમય મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. ચીફ પ્રમોદ સાવંતે ટ્વીટ કરીને જણાવ્યું કે રાજ્ય કર્ફ્યુના આદેશને ઓગસ્ટ ૨૦૨૧ સુધી વધાર્યું છે. ગોવામાં કોરોનાના ૭૫ નવા કેસોના નોધાયા છે. રવિવારે કોરોના ગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૧,૭૦,૪૯૧ થઈ ગઈ છે.

### કેન્દ્રીય રાજ્ય નાણાંમંત્રી ભાગવત કરાડનું નિવેદન

# બેન્કોની NPA વર્ષમાં ૬૧,૧૮૦ કરોડ ઘટી ૮.૩૪ લાખ કરોડ થઈ

મુંબઈ,તા.૨૬

ભારતના બેક્કિંગ સેક્ટરની નોન પર્ફોર્મિંગ એસેટ્સ (એનપીએ) એટલે કે બેડ લોન માર્ચ ૨૦૨૧ના અંતે ૬૧,૧૮૦ કરોડ રૂપિયા ઘટીને ૮.૩૪ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે જે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંઓને આભારી છે, એવું નાણાં રાજ્યમંત્રી ભાગવત કરાડએ જણાવ્યુ છે.

માર્ચ ૨૦૨૦ના અંતે શિડ્યુલ્ડ કોમર્શિયલ બેક્રોએ પોતાની બેલેન્સ સીટ પર ૮.૯૬ લાખ કરોડ રૂપિયાની એનપીએ દર્શાવી હતી.

કોમર્શિયલ બેક્રો દ્વારા વૈશ્વિક માપદંડો અનુસાર તણાવગ્રસ્ત સંપત્તિઓ, એનપીએ અને ગ્રોસ એનપીએ માટે પારદર્શક ધારાધોરણો અપનાવતા રિઝર્વ બેક્રના આંકડા મુજબ માર્ચ-૨૦૧૫ના અંતે બેક્કિંગ સેક્ટરની બેડ લોન ૩,૨૩,૪૬૪ કરોડ રૂપિયાથી વધીને માર્ચ-૨૦૧૮ના અંતે ૧૦,૩૬,૧૮૭ કરોડ રૂપિયા થઈ હતી. જો કે ત્યારબાદ એનપીએસની સમસ્યા હળવી કરવા માટે રિઝોલ્યુશન, રિકેપિટલાઈઝેશન અને રિફોર્મ્સની કાર્યવાહીઓના પરિણામ બેક્કિંગ સેક્ટરની એનપીએ ઘટીને માર્ચ ૨૦૧૯ના અંતે ૯,૩૩,૭૭૯ કરોડ રૂપિયા, માર્ચ ૨૦૨૦ના અંતે ૮,૯૬,૦૮૨ કરોડ રૂપિયા અને માર્ચ ૨૦૨૧ના અંતે ૮,૩૪,૯૦૨ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

ઉલ્લેખનિય છે કે, માર્ચ ૨૦૧૮ના અંતે જાહેર ક્ષેત્રની બેક્રોની ગ્રોસ એનપીએ ૮,૯૫,૬૦૧ કરોડ રૂપિયાની ઉંચી સપાટીએ પહોંચી હતી. જો કે ત્યારબાદ પ્રોવિઝનલ ડેટા મુજબ તબક્કાવાર ઘટીને માર્ચ ૨૦૧૯ના અંતે ૭,૩૯,૫૪૧ કરોડ રૂપિયા, માર્ચ ૨૦૨૦ના અંતે રૂ. ૬,૭૮,૩૧૭ કરોડ અને માર્ચ ૨૦૨૧ના અંતે ૬,૧૬,૬૧૬ કરોડ રૂપિયા રહી ગઈ છે.

મંત્રીએ જણાવ્યુ કે, નેટ એનપીએમાં શરૂઆતમાં તબક્કાવાર વધારો થયો હતો, જેમાં માર્ચ ૨૦૧૪ના અંતે ૧,૨૪,૦૯૫ કરોડ રૂપિયા હતી જે વધીને માર્ચ ૨૦૧૫ના અંતે ૨,૧૪,૫૪૯ કરોડ રૂપિયા, માર્ચ ૨૦૧૬ના અંતે ૩,૨૪,૩૭૨ કરોડ રૂપિયા, માર્ચ ૨૦૧૭ના અંતે ૩,૮૨,૦૮૭ કરોડ રૂપિયા અને માર્ચ ૨૦૧૮ના અંતે ૪,૫૪,૨૨૧ કરોડ રૂપિયાની ઉંચાઈએ પહોંચી ગઈ હતી.

# એલઓસી પરના તણાવ મુદ્દે ભારત-ચીન વચ્ચે ૩૧ જુલાઈએ બેઠક યોજાશે

ન્યુ દિલ્હી,તા.૨૬

એલએસી પર ચાલી રહેલા તણાવનો અંત લાવવા માટે ભારત-ચીનના મિલિટ્રી અધિકારીઓ વચ્ચે ૧૨માં તબક્કાની બેઠક ૩૧ જુલાઈએ યોજાશે. ચીને અગાઉ ૨૬ જુલાઈએ બેઠકનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જો કે ભારતે કારગિલ વિજય દિવસને કારણે બેઠક માટે બીજી તારીખ નક્કી કરવાની માંગ કરી હતી. ૩૧ જુલાઈએ યોજાનારી બેઠકમાં ભારતનું ફોકસ ગોગરા, હૉટ સ્પ્રિંગ અને દેસપાંગમાં ૯૦૦ કિ.મી.ના વિસ્તારમાં ચાલી રહેલા તણાવનો અંત લાવવા ચર્ચા થશે.

ભારત ઈચ્છે છે કે અહીં ગત વર્ષ અગાઉની સ્થિતિ ફરી સ્થાપિત થાય. જોકે ચીન આ માટે તૈયાર નથી. ભારત ગોગરા અને હૉટ સ્પ્રિંગના તમામ મુદ્દા વહેલી તકે ઉકેલવા માગે છે, કારણ કે દેપસાંગમાં બંને દેશો વચ્ચે સરળતાથી સહમતિ સધાય તેવું લાગતું નથી.

### મોદી સરકારે સંસદમાં કહ્યું

# સ્વિસ બેન્કોમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલું કાળું નાણું જમા થયું તેનો કોઈ અંદાજ નથી

*ન્યુ દિલ્હી,તા.૨૬*

લાંબા સમય પછી ફરી એકવાર સંસદમાં કાળા નાણાનો મુદ્દો ઉઠ્યો છે. કોંગ્રેસના સાંસદ વિન્સેન્ટ એચ પાલાએ સંસદમાં સરકારને પૂછ્યું કે શું સરકાર જાહેર કરશે કે છેલ્લા ૧૦ વર્ષમાં સ્વિસ બેંકોમાંથી કેટલુ કાળું નાણું એકઠું થયું છે. વિદેશથી કાળું નાણું પાછું લાવવા સરકારે શું પગલા લીધા છે? કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે અને કેટલા લોકો પર ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. અને ભારતમાં કેટલું કાળું નાણું આવવાનું છે અને કોની પાસેથી અને ક્યાંથી આવશે.

વિપક્ષના આ પ્રશ્નના જવાબ નાણાં રાજ્યમંત્રી દ્વારા આપવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સ્વિસ બેંકોમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેટલુ કાળું નાણું જમા થયુ છે તેનો સત્તાવાર અંદાજ નથી. જો કે સરકારે કાળુ નાણું પાછું લાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે. તેમણે કહ્યું કે સરકારે વિદેશોમાં જમા થયેલ કાળુ નાણુ પાછુ લાવવા તાજેતરનાં વર્ષોમાં અનેક પગલાં લીધાં છે.

સરકાર ‘ ‘The Black Money (Undisclosed Foreign Income and Assets) and Imposition of Tax Act, 2015’ લઈને આવી, જે ૧ જુલાઈ, ૨૦૧૭ થી અમલમાં આવ્યો. આ કાયદો વિદેશમાં જમા કરાયેલા નાણાંના કેસોને અસરકારક રીતે વ્યવહાર કરે છે. કાળા નાણાને લઈને વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરવામાં આવી હતી. અધ્યક્ષ અને વાઈસ ચેરમેન સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ હોય છે. અન્ય સરકારો સાથે મળીને કામ કરી રહ્યા છે, ડબલ ટેક્સેશન એવેઈડન્સ એગ્રીમેન્ટ્સ (ડીટીએએ) / ટેક્સ ઈન્ફર્મેશન એક્સચેંજ કરાર હેઠળ માહિતી શેર કરી રહ્યા છે. આ સિવાય અમેરિકા સાથે સમજૂતી પણ કરવામાં આવી છે. યુ.એસની સાથે ફોરેન એકાઉન્ટ ટેક્સ કંપ્લાયંસ એક્ટ હેઠળ ઈન્ફોર્મેશન શેર એગ્રીમેન્ટ કરવામાં આવ્યો છે.

સરકારે કહ્યું કે ૧૦૭ બ્લેક મની એક્ટ હેઠળ ૧૦૭ ફરિયાદો નોંધાઈ છે. બ્લેક મની એક્ટની કલમ ૧૦(૩)/ ૧૦(૪) હેઠળ, ૩૧ મે ૨૦૨૧ સુધી ૧૬૬ કેસોમાં અસેસમેન્ટ ઓર્ડર જારી કરવામાં આવ્યા છે, જેમાં રૂ. ૮૨૧૬ કરોડ વસૂલવામાં આવ્યા છે. આ સિવાય HSBC કેસમાં આશરે ૮,૪૬૫ કરોડ રૂપિયાની અઘોષિત આવક પર વેરો અને દંડ લાદવામાં આવ્યો છે. જે ૧૨૯૪ કરોડ રૂપિયા છે.

### બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૭ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૨૬ પોઈન્ટની મૂવમેન્ટઃ કોટનના વાયદાના ભાવમાં સેંકડા ઘટ્યા

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિઃ ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો

મુંબઈઃ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૩,૬૨૬ સોદાઓમાં કુલ રૂ.૧૧,૯૪૭.૩૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જુલાઈ વાયદામાં ૬૭ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૧૨૬ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૬૯,૯૮૩ સોદાઓમાં કુલ રૂ.૪,૧૪૧.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૬૪૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૭૮૪ અને નીચામાં રૂ.૪૭,૫૮૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૦ વધી રૂ.૪૭,૬૯૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૧૨ વધી રૂ.૩૮,૧૮૭ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૯ વધી રૂ.૪,૭૬૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭,૬૧૫ના ભાવે ખૂલી, રૂ.૧૫૫ વધી રૂ.૪૭,૬૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૧૫૬ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૭,૫૮૩ અને નીચામાં રૂ.૬૭,૦૪૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૦૧ વધી રૂ.૬૭,૫૨૫ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૩૬ વધી રૂ.૬૭,૬૯૭ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪૨૯ વધી રૂ.૬૭,૬૯૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૫,૫૪૦ સોદાઓમાં રૂ.૨,૭૯૭.૯૨ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૨૫ વધી રૂ.૧૯૮.૬૫ અને જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ વધી રૂ.૨૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૭.૬૫ વધી રૂ.૭૬૮.૩૦ અને નિકલ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧૨.૯ વધી રૂ.૧,૪૯૨.૨૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૪૦ વધી રૂ.૧૭૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૯,૮૮૭ સોદાઓમાં કુલ રૂ.૨,૮૮૫.૨૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૩૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૩૫૫ અને નીચામાં રૂ.૫,૨૬૮ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૪ ઘટી રૂ.૫,૩૪૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૫૦ વધી રૂ.૩૦૭.૫૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૩,૬૭૨ સોદાઓમાં રૂ.૫૦૩.૦૧ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૦૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૦૭ અને નીચામાં રૂ.૧૩૮૩.૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૫૦ ઘટી રૂ.૧,૩૯૪.૫૦ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જુલાઈ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૪૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૪૮૦ અને નીચામાં રૂ.૧૬,૮૦૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૮૩ ઘટી રૂ.૧૬,૯૫૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૨૧.૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૪૯.૫૦ અને નીચામાં રૂ.૧૧૨૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧.૧૦ વધી રૂ.૧૧૪૪.૯૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૨૦ ઘટી રૂ.૯૨૯.૯૦ અને કોટન જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૧૫૦ ઘટી રૂ.૨૬,૪૭૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૨૭,૮૬૪ સોદાઓમાં રૂ.૨,૩૯૫.૧૬ કરોડનાં ૫,૦૧૮.૦૯૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૨,૧૧૯ સોદાઓમાં કુલ રૂ.૧,૭૪૬.૫૫ કરોડનાં ૨૫૮.૭૫૨ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૫૦.૮૯ કરોડનાં ૭,૫૪૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩૭૧.૫૯ કરોડનાં ૧૫,૨૯૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧,૪૧૨.૭૬ કરોડનાં ૧૮,૬૮૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૭૧૧.૫૫ કરોડનાં ૪,૮૪૫૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૧૫૧.૧૩ કરોડનાં ૮,૫૦૫ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨,૧૭૫ સોદાઓમાં રૂ.૧,૧૪૦.૧૨ કરોડનાં ૨૧,૪૩,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૭,૭૧૨ સોદાઓમાં રૂ.૧,૭૪૫.૧૩ કરોડનાં ૫,૭૬,૧૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૬ સોદાઓમાં રૂ.૦.૪૫ કરોડનાં ૬૪ ટન અને કોટનના વાયદાઓમાં ૮૮૬ સોદાઓમાં રૂ.૧૦૦.૦૧ કરોડનાં ૩૭૩૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૫૫૪ સોદાઓમાં રૂ.૨૦.૦૫ કરોડનાં ૨૧૪.૨ ટન, રબરના વાયદાઓમાં ૩૯ સોદાઓમાં રૂ.૦.૮૬ કરોડનાં ૫૧ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૨,૧૭૭ સોદાઓમાં રૂ.૩૮૧.૬૪ કરોડનાં ૩૩,૭૧૦ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૬,૫૯૧.૩૦૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૯૦.૦૬૨ ટન, એલ્યુમિનિયમમાં ૧૧,૭૫૫ ટન, જસત વાયદામાં ૧૨,૬૧૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૬૩૦૦ ટન, નિકલ વાયદામાં ૪,૭૫૨૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૭,૩૨૫ ટન, ક્રૂડ તેલમાં ૬,૦૮,૯૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૯૬,૧૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૫૨ ટન, કોટનમાં ૧૬૦૬૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૫૦.૦૮ ટન, રબરમાં ૮૧ ટન, સીપીઓમાં ૮૪,૭૩૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૭૬૪ સોદાઓમાં રૂ.૧૪૯.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૧,૧૨૭ સોદાઓમાં રૂ.૯૫.૬૬ કરોડનાં ૧,૩૧૨ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૬૩૭ સોદાઓમાં રૂ.૫૪.૦૨ કરોડનાં ૬૮૫ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૭૬૪ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૪૧૭ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૫૪૦ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૬૦૬ અને નીચામાં ૧૪,૫૩૯ના સ્તરને સ્પર્શી, ૬૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૭ પોઈન્ટ વધી ૧૪,૫૯૦ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૭૦૦ના સ્તરે ખૂલી, ૧૨૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૧ પોઈન્ટ વધી ૧૫,૭૮૨ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૨,૭૮૦ સોદાઓમાં રૂ.૧,૪૬૯.૭૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૪.૬૮ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૯.૭૮ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૫૪.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

CYMK

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ પદ્ય રચનાઓ
વિષય : સફળતા - નિષ્ફળતા,,સક્રિય - નિષ્ક્રિય " વિષયક રચનાઓ. (૨૭-૭-૨૦૨૧) દિવસ - 1
www.janfariyadnews.com
Email: prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
Email : prdpraval42@gmail.com
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

NOG SS NO : 0026
વિષય - સફળતા - નિષ્ફળતા.
વિભાગ - પદ્ય ( મૌલિક રચના)
શીર્ષક : સફળતા - નિષ્ફળતા.

સફળતાના અહીં જુદા બધાંના માપ ને મૂલ્યો.
એ સીડીનું પગથિયું એક પછી ચડવું પડે સૌને.
અગર જૂઠી સફળતાને તું ચાહે તો વિચારી લે,
શું બૂરી એક નિષ્ફળતા, વિના શરતે વરે તુજને!
સફળતાના જો ચશ્માથી અહમ્ તારો તને દીસે,
ખરી છે એ સફળતા જે ઝૂકાવે શિર પ્રભુ ચરણે.
સફળતા પામવા માટે પ્રયત્ન પાર તું થાજે,
બની લ્હેરો ત્યાં તોફાની, કદી નિષ્ફળ કરી જાશે.
સફળતા એક મોતી છે, જે પામે સૌએ મરજીવા.
સમુંદરમાં તું ગોથાં ખાય તો, એ હાથમાં આવે.

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

-----------------------------------------------

NOG SS No : 0089
પ્રકારઃ પદ્ય
વિષયઃ સફળતા - નિષ્ફળતા સક્રિય - નિષ્ક્રિય
શીર્ષકઃ "રહો સક્રિય "
રેખા શુક્લઃ અમેરિકા

દવા કેમ ખબર ને કોના માટે છે
પણ રોજ સમયસર દેવાય છે !
નિષ્ક્રિય કેમ રહેવાય પપ
સોરી કહેવાથી જીવી લેવાય છે
સારી હતી લાજ તેની લૂંટાય છે!
નિષ્ક્રિય કેમ રહેવાય પપ.
ગીતા સીતા ક્યાંય જીરવાય છે
સહી લે દિલ ચૂરેચૂરા પીખાય છે!
નિષ્ક્રિય કેમ રહેવાય પપ
આયનો જુવે બે ચહેરા મુંઝાય છે
કમ ટુ ધ પોઇંટ મરી ને જીવાય છે!
નિષ્ક્રિય કેમ રહેવાય પપ.
બીજાના અરમાનની લાશ પર મહેલ
સોલ લેસ શરીર ફરીફરી ચૂંથાય છે!
નિષ્ક્રિય કેમ રહેવાય પપ.
નિષ્ફળતા બરબાદી કેમ થોપાવાય છે
હસો અનહેપી નજરઅંદાજ કરાય છે!
નિષ્ક્રિય કેમ રહેવાય પપ.
લડીલો ભૂલકાં ને વડીલો ચકરાવે છે
સફળતા મળે લડી ને જ જીરવાય છે!
નિષ્ક્રિય કેમ રહેવાય પપ

રેખા શુક્લ

NOG SS No: 0078
પ્રકાર - પદ્ય
વિષય - વિષમતામાં સફળતા
પાનખરમાં ફૂલો

પાનખરમાં ખીલતાં ફૂલો કહેવાશે સફળ;
વીંઝ ઋતુઓને તું પડકાર ને થઈ જા પ્રબળ.
એમ છે નાજુક, મળે પથ્થરથી પણ, કેવુંક છળ;
આ વિચારો મન સમા સાગરમાં પાડે છે વમળ.
ભાગ્યની સૌ ક્ષણ જીવનમાં છે જ ,સૌ પાસે જુદી;
ભાગ્યમાં જે છે જ નહિ, એ છોડ,જીવ હર એક પળ.
જે મને દેખાય ,એને કેમ દેખાતું નથી ?
ભાવ ખૂંચે કોઈને પણ કોઈ માટે છે સરળ.
એકમાંથી બે પછી ત્રણ ,ચાર -કેવી સાયકલ ?
આખરે રહી જાય પાછું એક ને આંખો સજળ.
છે ગુલાબી ગાલ,હસતાં હોઠ,આંખો બોલતી;
કોઈ તો "શ્વેતા"હશે નજદીકમાં ખીલતું કમળ.

શ્વેતા તલાટી

-----------------------------------------------

NOG SS No : 0092
પ્રકારઃ-પદ્ય
શીર્ષકઃ-સફળતા

'સફળતાને પરિભાષિત કરવી અઘરી છે,
માપવાની રીત શોધવી અઘરી છે.
કોઈ માટે
સફળતા એટલે અઢળક દોલત,
તો કોઈ માટે દુનિયામાં મોટું નામ.
કોઈ માટે ભોગ-વિલાસના સાધનોની પ્રાપ્તિ,
તો કોઈ માટે મોટા હોદ્દા કે સત્તા.
જને-જને અહીં મતભેદ છે,
સહમતિ પર આવવાની સંભાવના અઘરી છે.
કોઈ શોર્ટ કટ અપનાવે,
તો કોઈ નીતિની રાહ,
કોઈ નક્કી કેડીને અનુસરવી અહીં અઘરી છે.
એક વાત જરૂર સમાન છે સફળતામાં,
એ માંગે છે તનતોડ મહેનત અને સમય.
સફળતા યજ્ઞ છે પરમાર્થનો,પુરુષાર્થનો,
એ યજ્ઞમાં મોજશોખ અને વ્યક્તિગત હિતને હોમવાની રીત અઘરી છે.
સફળતાનો પાયો છે ચોક્ક્સ ધ્યેય, રણનીતિ ને કાર્યયોજના.
આ ત્રણ વગર,
સફળતા મેળવવી અઘરી છે.
સફળતા મેળવવી મુશ્કેલ,
ટકાવવી મુશ્કેલ,
મગજમાં જીરવવી તો અતિ મુશ્કેલ,
ને પચાવવી ખૂબ અઘરી છે.
સફળતાની ઇમારત અકબંધ,
જો પાયામાં નીતિ, મૂલ્યો અને સિદ્ધાંતો હોય.
અહીં દેખાતી જર્જરિત ઇમારતો ને નિષ્ફળતાના કિસ્સાઓ,
સફળતાની દોડમાં આંધળુંકિયા કર્યાની નિશાની છે.'

અલકા મહેતા,ગાંધીનગર

-----------------------------------------------

NOG SS No :100
વિષય : સફળતા - નિષ્ફળતા
પ્રકાર : પદ્ય
શીર્ષક : નિયમ

નિખાલસ સ્મિત ને આંખે હેતનું કાજળ,
સફળતા ગગન ચૂમે દિલ ધખધખાવીને.
આંખોમાં ઊંઘના ડુસકા હજી શમ્યાં નથી,
જખ્મો દિલાસા બેહું દિલ નગર વસાવીને.
જાત પર ગર્વ કરું છું તો એમાં ખોટું શું ?
ઘસી લાકડું ચંદન બન્યો ખુદ ને નમાવીને.
અમથો નથી આટલો હુ જાણીતો થયો ,
ઇર્ષ્ખીરો આયનામાં બેઠા મોં છૂપાવીને.
સફળતા નિષ્ફળતા કુદરતનો એક નિયમ,
નિયમ જાળવજે જીવતા જીવનમાં ઉતારીને.

બીજલ જગડ,મુંબઈ. ઘાટકોપર

## પાંચી

કોઈ કારણસર હાઈવે ટ્રાફિક માટે બંધ હતો. ડાયવર્ઝનનું બોર્ડ મારેલું હતું. ડ્રાઈવરે ગાડી કાચા રસ્તે લીધી. રસ્તામાં ભરવાડ ઘેટાં-બકરા લઈને નીકળ્યો, સાંકડો રસ્તો હોય ગાડી થોભાવી પડી.

માલવિકામેડમની નજર નજીકના એક કાચા ગાર માટીના ઘર પર પડી. એક યુવતી દિવાલ પર સુંદર મજાના મોર, પોપટ અને ફૂલવેલનું ચિતરામણ ગળીથી કરી રહી હતી. ચિતરામણ પૂરું થયું એટલે આંગણું સાફ કરી શાકભાજી વાવેલા તે ક્યારા સાફ કરવા લાગી.

માલવિકામેડમને તે છોકરી પોતાના એકના એક હાવર્ડ યુનિવર્સિટીમાંથી હમણાં જ એમબીએ થઈને આવેલા અને પિતાના બિઝનેસમાં લાગેલ યુવાન પુત્ર મૌલિક માટે ગમી ગઈ.તેની પારખું નજરે જોયું કે આ છોકરી પાસા પાડ્યાં વગરનો હીરો છે. રસ્તો ખાલી થતાં ડ્રાઈવરે ગાડી આગળ લીધી. સાંજે કામ પતાવી પાછા ફરતાં પણ તે ઘર આગળથી નીકળ્યા ત્યારે પણ તે છોકરી કંઈક ભરત ભરી રહી હતી અને લોકગીત ગાઈ રહી હતી.

ઘરે આવીને તેમણે બધી વાત તેમના પુત્ર અને પતિને કરી. આપણા મૌલિક માટે મને તે છોકરી ગમી ગઈ છે. તે છોકરી આપણો બિઝનેસ અને ઘર બંને સંભાળી લેશે.

બીજે દિવસે માલવિકામેડમ તે છોકરી માટે પોતાના પુત્રનું માંગુ લઈને ગયા. તેનું નામ પાંચી હતું. તે ગરીબ ખેત મજુરની દીકરી હતી અને ચાર ધોરણ જ ભણેલી હતી. પાંચીના મા-બાપને થયું આટલા મોટા શેઠના એકના એક દીકરાને તો છોકરીવાળા માથે પડે. અમ ગરીબની ચાર ચોપડી ભણેલી પાંચી માટે સામું માગું લઈને આવ્યા છે. દીકરીના મા-બાપ તરીકે ચિંતા થઈ કંઈ આડું અવળું તો નહીં હોયને? માલવિકામેડમે ધરપત આપી કે તમે અમારા માટે તપાસ કરી લો પછી જવાબ આપજો.

પાંચીના પિતાને કંઇ બનાવટ જેવું ન લાગ્યું. તેમણે આ સંબંધ માટે હા પાડી પણ શરત રાખી લગન તો મારા આંગણે મારી ત્રેવડ પ્રમાણે થશે. જાનમાં વીસ માણસો લઈને આવજો.

માલિકામેડમે હા પાડી. દેશના અતિ ધનાઢ્યના દીકરાના લગ્ન એક ખેત મજુરની દીકરી સાથે તેના જ આંગણામાં સાવ સાદાઈથી થયાં.

માલવિકામેડમે પાંચીને ક્યારેય કોઈ જાતની રોકટોક ન કરી.ત્રણ વર્ષમાં પાંચી એટલી તૈયાર થઈ ગઈ કે આજે બોર્ડ ઓફ ડિરેક્ટરની મિટિંગમાં બિઝનેસની, દેશ-વિદેશની સ્ટ્રેટેજી વિશે, ભાવિ આયોજન, નવા પરિવર્તન, સરકારી નીતિનિયમો વિશે વિદેશી મહેમાનોની સામે જ્યારે પોતાની વાત વિદેશી ભાષામાં તથા ફરાટેદાર અંગ્રેજીમાં કરી ત્યારે બધાએ ઊભા થઈને તાળીઓથી વધાવી. પાંચીમેડમની દૂરંદેશી અને કુનેહના ખૂબ વખાણ કર્યા.

માલવિકામેડમની પસંદગી માટે શેઠ અને મૌલિકને તો ક્યારેય કંઇ કહેવાપણું ન લાગ્યું. રાત્રે સેવન સ્ટાર હોટલમાં ડિનર પાર્ટીમાં ચાંદીના ડિનર સેટમાં જમ્યા. છુટા પડતી વખતે એક વિદેશી મહેમાને પાંચીના માતા-પિતાને મળવાની ઈચ્છા દર્શાવી. પાંચીએ કહ્યું,× ભલે, કાલે ચાર વાગ્યે જઈશું.× બીજે દિવસે પાંચીએ તેમની માતાએ આપેલા સાવ સાદા કપડાં પહેર્યાં, હાથમાં બંગડીઓ પહેરી,કપાળમાં મોટો ચાંદલો કર્યો બી એમ ડબલ્યુ ગાડી ડ્રાઇવ કરીને પોતાના પિતાના ઘરે વિદેશી મહેમાનને લઈ ગઈ. એક કાચા ઘર આગળ ગાડી ઉભી રહી. પાંચીના માતા-પિતા વેવાઈને સામા આવ્યા, બે હાથ પકડી રામરામ કર્યા. ખાટલો ઢાળી માથે ગોદડું પાથરી બેસાડ્યાં, ખબર-અંતર પૂછ્યાં. એક ગરીબ ખેત મજૂર પાસે દુનિયાની કઈ વાત હોય! તે ઉમળકાથી ખેતરની, પોતાની ગાયની, વાડામાં વાવેલ ચીભડાં વગેરેની વાતો કરી.એક એલ્યુમિનીયમની કિટલીમાં ચા લાવી હાથમાં રકાબી આપી તેમાં ચા રેડી.ચા લીંબુના પાંદડાં અને લીલી ચા ઉકાળીને બનાવેલ.ગાયતો વસુકી ગયેલ હોય દૂધતો ઘરમાં ક્યાંથી હોય!

વાતો કરતાં હતાં ત્યાં ગાય સુરાવા મંડી. ગાય વિંયાણી. પાંચીએ કછોટો વાળી અને ગાયને દોહી .બાજરાની ઘઉંરી ખવડાવી. ઓર ઉકરડે નાંખી આવી.ગમાણ સાફ કરી.ગાયને ધુમાળી કરી પછી પોતે નાહી ધોઇને તૈયાર થઈ ગઈ. મહેમાન તો જોતાં જ રહી ગયા.તેને થયું ક્યાં કાલની પાંચીમેડમ અને કયા આજની! તેને અહીં કશો નવો જ આધ્યાત્મિક અહેસાસ થતો હતો. તેને પોતાના વૈભવ સુખ વામણા લાગવા મંડ્યા .

પાંચીના પિતાએ કહ્યું,×વાળુંનો ટેમ થઈ ગયો છે તો વાળું કરીને જજો.× કોઈ કાંઈ બોલે તે પહેલાં જ મહેમાને કહ્યું, × હા... હા.. જમીને જઈશું.× જમવામાં બાજરીના રોટલા, તુરીયાનું શાક અને ડુંગળી જ હતાં.

પતરાવળીમાં જમીન ઉપર બેસીને જમ્યાં. મહેમાને આવો જમવાનો અમૃતનો સ્વાદ તેની જિંદગીમાં ક્યારેય નો'તો ચાખ્યો. જવા સમયે પાંચીના પિતાએ મહેમાન અને વેવાઈને 'ધડકી' ભેટ આપી. પાંચીને ફળિયાના છેડેથી ૧૦ ની નોટ કાઢીને આપી.

વિદેશી મહેમાને પાંચીના નાના ભાઈને બે હજારની પાંચ નોટ કાઢીને મોકલાણી આપવા ગયા તો પાંચીના પિતા કહે,× દીકરીના ઘરનું ન લેવાય, અમારામાં અગરજ હોય.× ત્યારે વિદેશી મહેમાનને થયું સાચા શ્રીમંત તો આ લોકો છે. જ્યારે મારા વેવાયને ૫૦૦ કરોડની સહાય કરી, બેંક્રમાંથી ૩૦૦ કરોડની લોન મારી શાખે અપાવી દીધી તોય વેવાઈને વાકું પડ્યું. જ્યારે અહીં દીકરીના ઘરનું અગરજ હોય.

જતી વખતે એક વિદેશી મહેમાન જે અરબપતિ હતો તે એક સાવ ગરીબ ખેત મજુર એવા પાંચીના પિતાને ભેટીને રડી પડ્યાં અને બોલ્યા,× સાચા સુખી તો તમે જ છો.×

રશ્મિ સંપટ. મુંબઇ.

## ૨૮ જૂલાઈ, વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ
# પ્રકૃતિ, ઈશ્વરની પ્રતિકૃતિ

જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર કુદરતની કલ્પના કરવી અશક્ય છે. જંગલ છે તો વન્ય જીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જ્યાં જળ, જંગલ, જમીન અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલ અને વન્ય જીવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે ૨૮ જુલાઈએ વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ મનાવવામાં આવે છે.

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વ ને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાનાં કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં,વિસ્તારમાં ઘુસણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યયે એના ઘરમાં ઘુસણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસનો હેતુ પ્રકૃતિનાં સંરક્ષણ માટે જરૂરી પગલાં લેવાનો છે. પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વૉર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. કુદરતનું સંવર્ધન કરવા માટે કાયમી વિવિધ ઉપાયો કરતા રહેવું જરૂરી છે.

? જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.

? પાણીનો બગાડ ન કરવો જોઈએ.

? જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીન પ્રદૂષણ, ધ્વનિ પ્રદૂષણને ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ.

? પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ.

? વીજળી, પેટ્રોલ – ડીઝલ બચાવવું જોઈએ.

? કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેક્નિક્સ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઇઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.

? શાકાહાર અપનાવવું જોઈએ.

મિત્તલ ખેતાણી

# ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાઇ



ગાંધીનગ

ગાંધીનગર જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક આજરોજ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી. જેમાં ગાંધીનગર જિલ્લાના પાંચ ગામોમાં રૂપિયા ૨ કરોડ ૫૯ લાખથી વધુ રકમ વિવિધ પીવાના પાણીની વ્યવસ્થાના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં રૂપિયા ૨ કરોડ ૫૯ લાખના ખર્ચે ગાંધીનગર તાલુકાના એક, કલોલ તાલુકાના બે અને માણસા તાલુકાના બે મળી કુલ – પાંચ ગામોમાં પાણી સ્ટોરજ અને સપ્લાયના વિકાસ કામો કરવામાં આવશે. જેમાં ગાંધીનગર તાલુકાના શેરથા ગામ ખાતે રૂપિયા ૩૭ લાખ ૮૦ હજારથી વધુની કિંમતની બે લાખ લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી ટાંકી, ડિસ્ટ્રિબ્યુશન પાઇપાલઇનઅને અન્ય કામો કરવામાં આવશે.

માણસા તાલુકામાં વેડા ગામ ખાતે રૂપિયા ૨૮ લાખ ૮૫ હજારથી વધુના ખર્ચે ૫૦ હજાર લિટરની ક્ષમતાની ૧૨ મીટર ઉંચી પાણીની ટાંકી, ૧ લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સંપ, ડિસ્ટ્રિબ્યુશન પાઈપલાઈન અને જોબકનેકશનના કામો કરવામાં આવશે. લોદરા ગામમાં રૂપિયા ૧ કરોડ ૩૮ લાખથી વધુના ખર્ચે ઝોન- ૧થી ૬ ની ડિસ્ટ્રીબ્યુશન પાઈપલાઈન, રાઈજીગ મેઈનના બે કામ, પપીગ મશીનરી અને ૯ લાખ લિટરની ક્ષમતાનો ભૂગર્ભ સંપ બનાવવામાં આવશે. કલોલ તાલુકામાં કોઠા ગામ ખાતે રૂપિયા ૨૨ લાખ ૮૭ હજારના ખર્ચે ૫૦ હજાર લિટરની ક્ષમતાની પાણીની ટાંકી, ૧ લાખ લિટર ક્ષમતાનો ભૂગર્ભ સંપ, પંપિગ મશીનરી અને જોબ કનેકશનના કામો કરવામાં આવશે. તેમજ સોજા ગામમાં રૂપિયા ૩૨ લાખ ૧૭ હજારના ખર્ચે ૧.૫૦ લિટરની ક્ષમતાનો ભૂગર્ભ સંપ, રાઈજીગ મેઈન, પંપિગ મશીનરી અને જોબ કનેકશનનું કામ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં એન.આર.ડી.ડબલ્યુ.પી. હેઠળ ગાંધીનગર જિલ્લામાં તા.૨૫મી જુલાઈ, ૨૦૨૧ અંતિત જુદી- જુદી ગ્રામ સમિતિઓની કુલ- ૩૭૩ યોજનાઓને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી હાલમાં ૧૨ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે, જ્યારે ૩૬૧ યોજનાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

જિલ્લા અને જળ સ્વચ્છતા સમિતિ દ્વારા આગામી ઓગસ્ટ માસથી ગાંધીનગર જિલ્લાની વિવિધ પાણી સમિતિના સભ્યોને ધરોઇ ડેમ અને સતલાસણ નજીક આવેલા ટ્રેટમેન્ટ પ્લાન્ટની મુલાકાતે લઈ જવામાં આવનાર છે. જ્યાં પાણીને ટ્રીટમેન્ટ અને શહેરોને પીવાનું પાણી આપવામાં આવે છે, તેની વિસ્તૃત માહિતી આપવામાં આવશે. આ બેઠકમાં ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ. ભોરણિયા, જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિના યુનિટ મેનેજર શ્રી કેતન વી. ચૌધરી અને ડિ.કો.ઓર્ડિનેટર શ્રી અપેક્ષા પટેલ સહિત સંબંધિત કચેરીના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# રોટરી કલબ ઓફ સુરત ડાયમંડ સીટી સુરત દ્વારા પદ ગ્રહણનો કાર્યક્રમ યોજાયો



ગત રોજ ૨૫ જુલાઈના રોજ રોટરી કલબ ઓફ સુરત ડાયમંડ સીટી સુરત દ્વારા પદ ગ્રહણ નો કાર્યક્રમ યોજાઈ ગયો જેના રોટરી તથા રોટરેકટ તેમજ ઈનરવીલ ક્લબ નો પણ કાર્યભાર નવા સુકાની ને સોંપવામાં આવ્યો. તેમાં રોટરી ના સુકાની એવા શ્રી કિરીટભાઈ ગોંડલીયા એ પોતાનો પદભાર ડોક્ટર રો. ડો. પ્રકાશ પટેલ ને સોંપ્યો તથા એવી જ રીતે ઈનરવીલ અને રોટરેકટ ક્લબ માં પણ પદભાર અન્ય સુકાની ને આપવામાં આવ્યો. રોટરી કલબ ઓફ સુરત ડાયમંડ સીટી દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે

રોટરી કલબ ની સેવાઓ અવિરત પણ ચાલે છે અનેક વિધ પ્રવૃતિઓ ના કારણે આજે રોટરી એ ખૂબજ ઊંચા સ્તરે વિસ્તરણ પામી રહી છે અનેક દેશો માં ચાલતી અને ધીકતી રોટરી કલબ વિશે આપણે જાણવું જોઈએ. રોટરી ની સ્થાપના ૨૩ માર્ચ ૧૯૦૫ ના રોજ શિકાગો ખાતે થઈ હતી. રોટરી નું હેડક્વાર્ટર શિકાગો માં છે. રોટરી કલબ ઓફ સુરત ડાયમન્ડ સીટી ની સ્થાપના ૨૦૧૦ ના ૩૦મી જૂન ના રોજ થઈ હતી. ડો. પ્રકાશ પટેલ અમારી કલબના ૧૨ માં પ્રમુખ છે. રોટરી વિશ્વ લેવલે સેવાકીય કર્યો કરે છે. જેમાં મુખ્ય ગણીએ તો પોલિયો વિશ્વ સ્તરે નાબૂદ માં ફક્ત અને ફક્ત રોટરી નો જ ફાળો છે. હાલ માં રોટરી લીટરસી ના મુખ્ય ગોલ સાથે કર્યો કરે છે. સુરત માં કુલ ૧૫ રોટરી ની ક્લબો છે. વિશ્વમાં ૧૨.૫ લાખ ઉપરાંત રોટરી મેમ્બરો છે. ૨૦૦ ઉપરાંત દેશો માં રોટરી કાર્યરત છે.રોટરી ના સ્થાપક નું નામ પોલ હેરિસ છે.કાર્યક્રમ માં શાબ્દિક સ્વાગત શ્રી કિરીટભાઈ ગોંડલીયા એ કર્યુ હતુ તેમજ તેમજ પદગ્રહણ વિધિ ઈનસટોલીંગ ઓફિસર ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી સંતોષ પ્રધાન તથા ઁફઇઇ ખુશાલ શાહ તેમજ ઁફઝ સુચેતા પંડિત દ્વારા કરવામાં આવી. નવા પ્રેસિડેન્ટ તરીકે રો. ડો પ્રકાશ પટેલ, રોટરેકટ પ્રેસીડેન્ટ એડવોકેટ કલ્પેશ લાઠીયા તથા ઈનરવીલ ના નવા પ્રેસિડેન્ટ ઉષા સાગર ને નિમવામાં આવ્યા હતા. કાર્યક્રમ ના અંતે આભાર ઉદ્દબોધન રોટરિયન વિરલ ગોંડલીયા એ કર્યુ હતુ.(શોભના કાકડીયા.સુરત)



**તૌકતે વાવાઝોડા સંદર્ભ વિવિધ સહાય ચુકવણીમાં થયેલ વિસંગતતા બાબતે રેસર્વે કરાવવાની લોકમાંગ ઉભી થયેલ છે. લોકમાંગને લઈને રાજુલા-જાફરાબાદ-ખાંભા નાં ધારાસભ્ય અંબરીશભાઈ ડેર દ્વારા વિધાનસભા વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણી ને સાથે રાખીને અમરેલી જિલ્લામાં રિસર્વે કરાવવા સરકારશ્રીનું ધ્યાન દોરવા માટે અમરેલી જીલ્લા કલેક્ટરશ્રીને આવેદપત્ર પાઠવ્યુ.**

## અરવલ્લીના બાયડ ખાતે વન-આદિજાતિ મંત્રીશ્રીના હસ્તે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

આજે તા. ૨૭ જુલાઈ ૨૦૨૧ મંગળવારના સવારે ૯.૦૦ કલાકે અરવલ્લી જીલ્લા બાયડ ખાતે જિલ્લા પ્રભારી અને વન-આદિજાતિ મંત્રીશ્રી રમણલાલ પાટકર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બાયડમાં ઉપસ્થિત રહેશે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બાયડ દ્વારા આયોજીત કરાયેલ કાર્યક્રમમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ મંત્રીશ્રી રમણલાલ પાટકર હસ્તે કરશે. આ કાર્યક્રમ બાયડના શરણાઈ પાર્ટી પ્લોટ, જુના બસ સ્ટેશન પાસે યોજાશે.

## રોંગ સાઈડ કારને બચાવવા બસ ખેતરમાં ઉતારી દીધી

# ભિલોડા એસટી બસ ચાલકની સમય સુચકતાથી ગમખ્વાર અકસ્માત અટક્યો



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લામાં વાહનચાલકો ટ્રાફિકના નીયમોનો ઉલાળીયો કરી બેફામ ગતિએ વાહન હંકારતા હોવાથી ગમખ્વાર અકસ્માત ઘટનાઓ સતત બની રહી છે ભિલોડાના ધોલવાણી ગામ નજીક પસાર થતી એસટી બસ સામે અચાનક એક અલ્ટો કાર રોંગ સાઈડ યુ-ટર્ન લઇ ધસી આવતા એસટી બસના ચાલકે સમયસૂચકતા વાપરી કાર ચાલકને બચાવવા બસ રોડ સાઈડ ખાડામાં ઉતારી દીધી હતી એસટી બસમાં મુસાફરી કરી રહેલા ૨૫ જેટલા મુસાફરો બસ રોડ સાઈડ ખેતરમાં ઉતરી પડતા બુમાબુમ કરી મૂકી હતી સદનસીબે જાનહાની ટળી હતી બસને નુકશાન થતા એસટી બસ ડ્રાઈવરે કાર ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

પ્રાપ્ત માહીતી અનુસાર,વિજયનગર-ધોળકા એસટી બસ વિજયનગર થી ધોળકા જઈ રહી હતી ત્યારે ભિલોડાના ધોલવણી ગામ નજીક રોડ પર એક અલ્ટો કારના ચાલકે કાર ગફલતભરી પુરઝડપે હંકારી રોંગ સાઈડ ઘુસી જતા એસટી બસના ચાલકે અલ્ટો કારને એસટી બસ સામે પુરઝડપે આવતા જોઈ ચોંકી ઉઠ્યો હતો અને અલ્ટો કાર એસટી બસ સાથે ટકરાય તે પહેલા કાર ચાલકને બચાવવા એસટી બસના ચાલકે સમયસૂચકતા વાપરી બ્રેક મારતા બસ ખેતરમાં ઉતરી પડી હતી

એસટી બસ રોડ પરથી ખેતરમાં ઉતરી પડતા બસમાં મુસાફરી કરતા મુસાફરોએ બુમાબુમ કરી મૂકી હતી જો કે બસમાં મુસાફરી કરતા મુસાફરોનો આબાદ બચાવ થયો હતો બસને ૨૦ હજાર થી વધુંનું નુકશાન જતા એસટી બસ ચાલકે કાર ચાલક વિરુદ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા ભિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## તેરવાડા ગામે ચોરી ની ઘટના સામે આવતા ચકચાર મચી..

થરા પોલીસ સહિત d.y.s.p તેરવાડા ગામે ઘટના સ્થળે પહોંચી તપાસ નો ધમધમાટ શરુ કર્યો.... આજુબાજુના સીસી કેમેરા ચેક કરવાની તજવીજ હાથ ધરી.... પોલીસે ચોરો ને પકડવા ચક્રો ગતિમાન કર્યા..

બનાસકાંઠા કાંકરેજ તાલુકાના તેરવાડા ગામે રહેતા વૃદ્ધ પતિ પત્ની અમૃતલાલ કેશવલાલ ઠક્કર પત્ની પ્રેમિલાબેન અમૃતલાલ ઠક્કર ઘરમાં બંને એકલાજ રહેતા હતા પરિવાર થરા ખાતે રહેતો હોવાથી.. ચોરોએ તેનો ફાયદો ઉઠાવી આજે રાત્રિ દરમ્યાન એક વાગ્યાના આસપાસ અજાણ્યાં શખ્સોએ ગાબિયાપીર ની જગ્યાંમાંથી લાકડાની મોટી સિડી લાવી અમૃતલાલ ના ઘર પાસળ લગાવી ઘર ઉપર થઈ ને ઘરમાં પ્રવેશી વૃદ્ધ પતિ પત્ની ને માર મારી રૂમમાં બાધીને તિજોરી કબાટ ના લોકર તોડી સોનાના દાગીના, ૧લાખ ૫૦ હજાર રોકડ એમ ૨ લાખ આસપાસ ની ચોરી કરી ને ફરાર થઇ જતાં ચકચાર મચી જવા પામી છે.. ઘટનાની જાણ ભોગ બનનાર નો પરિવાર જેવો થરા ખાતે રહેતા ત્રણે પુત્રો ને કરાતા ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત થયેલ માતા પિતા ને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.. ઘટના ની જાણ થરા પોલીસ ને કરવામાં આવી હતી... હાલમાં પોલીસ ની જુદી જુદી ટીમ બનાવી ચોરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે..રિપોર્ટરઃ- કનુજી ઠાકોર બનાસકાંઠા

### 'હર કામ દેશના નામ

# શિક્ષણમંત્રીએ ગુજરાત NCC નિદેશાલય દ્વારા યોજવામાં આવેલી 'કારગિલ વિજય દિવસ રક્તદાન કવાયતનું ઉદ્ઘાટન કર્યું

અમદાવાદ સોમવાર, ૨૬ જુલાઈ ૨૦૨૧

કારગિલ વિજય દિવસની ૨૨મી વર્ષગાંઠની ઉજવણી કરવા માટે ગુજરાત NCC નિદેશાલય દ્વારા સતત યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમોને આગળ ધપાવતા ગુજરાત NCC નિદેશાલયના ઉપક્રમે ૨૬ જુલાઈ ૨૦૨૧ના રોજ 'કારગિલ વિજય દિવસ રક્તદાન કવાયત'નું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના સ્વમાનનું રક્ષણ કરવા માટે જેમણે પોતાના પ્રાણનું બલિદાન આપી દીધું અને હાલમાં જેઓ આપણી સરહદોની સુરક્ષા કરી રહ્યાં છે તેવા ભારતીય સૈન્યના બહાદુર સૈનિકો પ્રત્યે કૃતજ્ઞતા અને એકજૂથતાની લાગણી વ્યક્ત કરવા માટે આ આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ, વડોદરા, જામનગર, રાજકોટ અને વલ્લભ વિદ્યાનગર ખાતે એક જ દિવસે યોજવામાં આવેલી આવી જ રક્તદાન કવાયતોમાં NCCના કુલ ૫૦૦ કેડેટ્સે સ્વેચ્છાએ રક્તદાન કર્યું હતું.ગુજરાતના આદરણીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અમદાવાદમાં આવેલા NCC ગ્રૂપ હેડક્વાર્ટર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમને NCC કેડેટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને બાદમાં NCC કેડેટ્સને તેમણે સંબોધન કર્યું હતું અને સમાજ હિતના કાર્યોને આગળ ધપાવવા માટે આપેલા યોગદાન બદલ તેમણે કેડેટ્સની પ્રશંસા કરી હતી.

આ કાર્યક્રમના આરંભ તરીકે, ગુજરાત NCCના કેડેટ્સ દ્વારા હાથ બનાવટથી તૈયાર કરવામાં આવેલા લગભગ ૩૦,૦૦૦ શુભેચ્છા કાર્ડ્સને ૧૭ જુલાઈ ૨૦૨૧ના રોજ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રવાના કરવામાં આવ્યા હતા અને ૧૮ જુલાઈ ૨૦૨૧ના રોજ પશ્ચિમ રેલવેના છત્ર હેઠળ તેને ઉધમપુર ખાતે મોકલવામાં આવ્યા હતા. આ કાર્ડ્સ ૨૦ જુલાઈ ૨૦૨૧ના રોજ ઉત્તરીય કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ લેફ્ટેનન્ટ જનરલ વાય.કે. જોશી UYSM, AVSM, VrC, SM દ્વારા વિધિવત રીતે પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. ૨૦-૨૫ જુલાઈ ૨૦૨૧ દરમિયાન કારગિલ સરહદ ક્ષેત્રમાં તૈનાત જવાનોમાં આ કાર્ડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉત્તરીય કમાન્ડ્સ #INDIASALUTESKARGILHEROES ના ભાગરૂપે, ગુજરાત NCCના કેડેટ્સના આ સદ્ભાવના કાર્યની જવાનોએ ખૂબ જ પ્રશંસા કરી હતી અને વિવિધ પોસ્ટ પર તૈનાત જવાનોના દિવસને ખુશીઓ અને નવા રંગોથી ભરી દીધો હતો.

#EkMaiSauKeLiye



અભિયાનનો તબક્કો ૫ "કારગિલ કે વીરો કો ગુજરાત કા આભાર" ૨૬ જુલાઈ ૨૦૨૧ના રોજ સમાપ્ત થાય છે અને રાષ્ટ્ર નિર્માણની દિશામાં NCCના કેડેટ્સની સામાજિક સેવા અને સામુદાયિક વિકાસની જવાબદારીના ભાગરૂપે #EkMaiSauKeLiye અભિયાનના તબક્કા ૬ નો આરંભ ટૂંક સમયમાં થશે.

ગુજરાત, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ NCCના અધિક મહાનિદેશક મેજર જનરલ અરવિંદ કપૂરે ગુજરાત દ્ગઝઝ નિદેશાલય દ્વારા હાથ ધરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓમાં સતત અને દિલથી સહકાર આપવા બદલ આદરણીય શિક્ષણમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અને અમદાવાદ સ્થિત બી.જે. મેડિકલ કોલેજના મેડિકલ સ્ટાફે ટેકનિકલ સહકાર પૂરો પાડ્યો હતો.

# અમદાવાદના નવાવાડજ ખાતે મહેસુલ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, આપણા જીવનમાં વૃક્ષો સૌથી વધારે મહત્વ ધરાવે છે, તેથી આપણે તેમનુ જતન કરવુ જોઈએ, હાલમાં પ્રકૃતિનું શોષણ થઈ રહ્યુ છે, તેના કારણે ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યા ઉદભવી છે, અને આ સમસ્યાના ઉકેલ માટે વૃક્ષારોપણ જ ઈલાજ છે.

આપણા ઋષિ-મુનિઓએ કરેલા પ્રકૃતિ જતનના લીધે, આજે આપણે શ્વાસ લઈ શકીએ છીએ, તેથી આપણે સૌ કોઈએ વૃક્ષો વાવીને આગામી પેઢીને શુદ્ધ વાતાવરણ પુરૂ પાડીએ.

મંત્રીશ્રીએ લોકોને જણાવ્યુ હતુ કે,સૌ કોઈ પોતાના ઘરોમાં, ફળિયામાં, ફ્લેટમાં, વૃક્ષો વાવે અને તેમનો ઉછેર કરે, મંત્રીશ્રીએ બધાને પોતાના જીવનકાળ દરમિયાન મહતમ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવા આહ્વાન કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મિશન મિલિયન ટ્રીઝ, અમદાવાદને હરિયાળું બનાવવા અમદાવાદમાં આ વર્ષે ૧૫ લાખ જેટલા વૃક્ષો વાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે, આ અંતર્ગત નવાવાડજમાં ૧૫,૦૦૦ જેટલા વિવિધ વૃક્ષો વાવવામાં આવશે. આ કાર્યક્રમમાં અમદાવાદ મહાનગર પાલિકાના પૂર્વ ડેપ્યુટી મેયરશ્રી ગીતાબહેન પટેલ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર શ્રી આઈ.કે.પટેલ, પૂર્વ મેયરશ્રી ગૌતમભાઈ શાહ, ઉપરાંત વિવિધ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અંજલી શુક્લ




**ગાંધીનગર ના સરગાસણ (ઉવારસદ) મા આવેલી શરણ રેસીડેન્સી થી સ્વાગત ફ્લેમિંગો જવાનો માર્ગ અત્યંત કથળી ગયેલ છે. બિસ્માર હાલત વાળા માર્ગમાં અનેક સ્થળોએ નાના મોટા ખાડા પડી જવા ને કારણે વખતોવખત દ્વિચક્રી વાહનો વાળા ગબડી પડતા હોવાના બનાવો પણ બનતા હોય છે. આજે પણ એક છકડો રીક્ષા પાણી ભરેલા ખાડામાં પલટી મારી ગઇ હતી. આ માર્ગનું સમારકામ તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે તેવી માંગ આસપાસના વિસ્તારો માં વસતા વસાહતીઓ દ્વારા ઉઠવા પામી છે. (મિલન વ્યાસ દ્વારા)**

# ચાણસ્મા ના પીંપળ ગામે આમ આદમી પાર્ટી દ્વારા જન સંવેદના કાર્યક્રમ યોજાયો

આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના પીંપળ ગામે આમ આદમી પાર્ટી દ્વારા જન સંવેદના કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો સહિત આસપાસના લોકો ઉપસ્થિત રહ્યા હતા

મળતી માહિતી મુજબ આમ આદમી પાર્ટી ધીરે ધીરે ગુજરાતમાં પણ પોતાનું વર્ચસ્વ વધારી રહી છે ત્યારે આજરોજ આમ આદમી પાર્ટીના આગેવાન તેમજ પૂર્વ પત્રકાર ઈશુદાન ગઢવી તેમજ લોકલાડીલા ગાયક કલાકાર વિજય સુવાળા સહિતના પાર્ટીના આગેવાનો દ્વારા આજરોજ પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલ પિમ્પલ ગામમાં પોતાની પાર્ટીના અનુસંધાને જન સંવેદના કાર્યક્રમ યોજાયો હતો જેમાં પીંપળ ગામના લોકો તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા




અત્રે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત લોકલાડીલા ગાયક કલાકાર વિજય સુવાળા એ જણાવ્યું હતું કે ચાલુ સરકારમાં અત્યારે પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે હવે સરકાર બદલવાનો વારો આવ્યો છ.તેમજ પૂર્વ પત્રકાર તેમજ આમ આદમી પાર્ટીના નેતા ઈશુદાન ગઢવી જણાવ્યું હતું કે અગાઉ ૫૦ રૂપિયા પેટ્રોલ મળતું હતું જેનો ભાવ અત્યારે સો રૂપિયા પહોંચ્યો છે તેલના ભાવ પણ આસમાને પહોંચ્યા છે જ્યારે ચાલુ સરકારના ધારાસભ્યો કે સંસદ સભ્યો મત માગવા માટે આવતા હતા ત્યારે મોટી મોટી વાતો કરતાં હતાં કે મોંઘવારી ઘટાડીશું ત્યારે આજરોજ ગરીબ જનતા તેલ માટે ટળવળી રહી હોય તેમ જણાય આવ્યું છે તેમજ એ ધરતી પુત્રો પણ ખૂબ જ પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે સરકાર બદલવાનો વારો આવ્યો છે તેમ જણાવ્યું હતું આ પ્રસંગે આમ આદમી પાર્ટીના ઈશુદાન ગઢવી વિજય સુવાળા ચાણસ્મા તાલુકા પ્રમુખ દિલીપભાઈ પટેલ વિશાલ ભાઈ પટેલ સહિતના અનેક કાર્યકર્તાઓ તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા નિખિલ જોશી પાટણ

## ભાજપ-ગુજરાત પ્રદેશનાં સાંસ્કૃતિક સેલના પ્રદેશ કન્વીનર તરીકે

# રાજકોટનાં લોકગાયક બિહારી હેમુભાઈ ગઢવીની નિમણુંક થયા બાદ કમલમ ખાતે મીટીંગ યોજાઈ

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ સેલની સંરચના કરતાં પ્રદેશ ભાજપ દ્વારા રાજકોટનાં ખ્યાતનામ લોકગાયક બિહારી હેમુભાઈ ગઢવીની સાંસ્કૃતીક સેલનાં પ્રદેશ કન્વીનર તરીકે વરણી કરાયેલ હતી. ગુજરાતની લોક સંગીત દુનિયાનું અમર નામ એટલે ઝાલાવાડનું ગૌરવવંત નામ સ્વ. હેમુ ગઢવી. ગુજરાતી લોકસંગીતના હેમ કંઠી લોકગાયક સ્વ. હેમુ ગઢવીના દિકરા તરીકે લોકગાયક તરીકેનો વારસો બિહારીભાઈએ જીવંત રાખી બહુ મોટું પ્રદાન કર્યું છે, આપણી ગુજરાતની અસ્મીતાને ઉજાગર કરી છે, એવા ચારણ સમાજના ચાહિતા ગાયક શ્રી બિહારીભાઈ હેમુભાઈ ગઢવીને ગુજરાત ભાજપ પ્રદેશ સી.આર. પાટીલ દ્વારા તેમની સંગીત સાધના અને કલા ઉપાસનાની કદરરૂપે પ્રદેશ કક્ષાએ સાંસ્કૃતિક સેલના કન્વીનરની નિમણુંક બન્યા બાદ ગાંધીનગરના કમલમ ખાતે પ્રદેશ પ્રમુખશ્રી સી.આર.પાટીલ સાહેબની અધ્યક્ષતામાં એક મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગમાં પ્રદેશના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, રજનીભાઈ પટેલ, મહામંત્રી પ્રદિપસિંહજી વાઘેલા, મહામંત્રી વિજયભાઈ ચાવડા, મહામંત્રી ભાર્ગવ ભટ્ટ વિગેરે મહાનુભાવોની હાજરીમાં સૌ નવનિયુકત વિવિધ ક્ષેત્રના સંયોજકશ્રીઓની ઓળખવિધી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રદેશ પ્રમુખશ્રી ઉદબોધન કરીને સૌ કન્વીનરશ્રીઓને નવ નિયુકિત માટે અભિનંદન તેમજ શુભેચ્છા પાઠવી હતી. સાંસ્કૃતિક સેલના સંયોજક તરીકે જનક ઠક્કર બન્યા બાદ બિહારીભાઈએ તેમની સાથે બેસીને ચર્ચા વિચારણા કરી હતી. આ મીટીંગમાં બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ શ્રી ઉદય કાનગડ તથા ઉપાધ્યક્ષ અને બિહારીભાઈના પરમ મિત્ર યોગેશભાઈ ગઢવીએ હાજર રહી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સાથ માં જ ગુજરાત સંગીત નાટક એકાદમીના ચેરમેનશ્રી પંકજ ભટ્ટ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સૌએ પ્રદેશ પ્રમુખ તથા મહામંત્રીશ્રીઓને મળીને બધાનો આભાર માન્યો હતો.

બિહારીભાઈ હેમુભાઈ ગઢવી

# ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારીએ માણસા તાલુકાના આજોલ ગામની મુલાકાત લીધી

ગાંધીનગરઃ સોમવારઃ

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામની આજરોજ જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ મુલાકાત લીધી હતી. તેમણે અંત્યોદય અને એન.એફ.એસ.એ. કાર્ડધારકોના ઘરે ઘરે જઇ તેમની રૂબરૂ મુલાકાત કરીને તેમના પ્રશ્નો સાંભળ્યા હતા.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ કોરોના કાળ દરમિયાન અધિકારીઓ –અરજદારો તેમજ કચેરીઓ વચ્ચે અંતર ઉભું થયું છે.

આ અંતરને ઘટાડવા અને ગ્રાઉન્ડ લેવલે થતી કામગીરીનો સાચો તાગ મેળવવાના ઉમદા આશયથી જિલ્લા કલેકટરશ્રીએ દર શુક્રવારે તેમના કાર્યક્ષેત્રને સંબંધિત ફિલ્ડ વિઝિટ કરવાની સૂચના જિલ્લાના અધિકારીઓને આપી છે. તેમજ દર અઠવાડિયા ફિલ્ડ વિઝિટનો અહેવાલ આપવા માટે ભારપૂર્વક જણાવ્યું છે.

જે અન્વયે જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિરૂપા ગઢવીએ માણસા તાલુકાના આજોલ ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન અંત્યોદય અને એન.એફ.એસ.એ. કાર્ડધારકાના ઘરે-ઘરે જઈતેમનીમુલાકાત કરી હતી. કાર્ડધારકોના પ્રશ્નો સાંભળી સ્થળ પર નિકાલ કરવામાં આવ્યા હતો.



પુરવઠા અધિકારીશ્રીએ સરકારશ્રી દ્વારા કાર્ડધારકોને આપવામાં આવતા અનાજ સંબંધિત માહિતી પુરી પાડી હતી.ઘરે ઘરે મુલાકાત લેતાં કુલ :- ૭ રેશનકાર્ડ ધારકનું મકાન બે માળ વાળા તથા એક રેશનકાર્ડ ધારક પાસેએ.સી તથા ફોર વ્હીલર ધરાવતાં હોઈ નાયબ મામલતદારશ્રી (પુરવઠા), માણસાને સદર રેશનકાર્ડધારકોને નોન.એન.એફ.એસ.એ માં રેશનકાર્ડ નિયમનુસાર તબદીલ કરવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીદ્વારા સુચના આપવમાં આવી હતી.જે રેશનકાર્ડ ધારકોના અન્ય કારણોસર ફીંગરપ્રિન્ટ ન આવતી હોઇ તેવા કિસ્સામાં મોબાઈલ ઓ.ટી.પી દ્વારા અથવા તેમનું અન્ય ઓળખકાર્ડ જેવા કે ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, મનરેગાકાર્ડ વગેરે ઓળખ આપી વાજબી ભાવની દુકાનેથી અનાજ મેળવી શકશે, તે વાતથી પણ રેશનકાર્ડ ધારાકોને જાગૃત કર્યો હતા.

આ મુલાકાત દરમિયાન તેમણે ગ્રામજનોને એન.એફ.એસ.એ. એક્ટ – ૨૦૧૩ની વિસ્તૃત સમજૂતી આપી હતી.આ એક્ટ હેઠળ કોને લાભ મળી શકે, કેવી રીતે મેળવી શકાય જેવી અનેક બાબતોથી સર્વે ગ્રામજનોને વાકેફ કર્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.